Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી

:સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)

# જયકચ્છ

OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ ★ સત્યાચરણ ★ સિધ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

૯૦ વર્ષ

o સજીવખેતી o ગૌમહાત્મય o પર્યાવરણ o ગ્રામોત્થાન o સ્વાવલંબન o આરોગ્ય

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

★ વર્ષ ૯૦ ★ સંવત. ૨૦૭૮ ★ ભાદરવા વદ ૨ ★ તા. ૧/૧૦/૨૦૨૩, ★ અંક ૧ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૦૬/૧૦/૨૦૨૩ ★ RNI No. 1886/57

## સંપાદકીય

# નવમા દાયકાના આરંભે

કચ્છનું સૌથી જુનું અખબાર જયકચ્છ તેની જીવનયાત્રાના ૮૯ વર્ષ પુરાં કરી ૯૦મા વર્ષમાં પ્રવેશી ચુકયું છે. પત્રનો આરંભ ૧૯૩૪ની ૨૨મી સપ્ટેમ્બરના મુંબઈથી થયો હતો. એ પછી માંડવી અને હવે ભુજથી પ્રકાશિત થાય છે.

આ પત્રના ૮૨મા વર્ષના આરંભે તેને વિરામ આપવા અમે જાહેર કર્યું હતું. પણ માધાપરના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના મોવડીઓએ આ પત્ર સંચાલનનો દોર સંભાળતાં આ પત્ર ફરી વેગવાન બની નવી દીશા તરફ આગળ વધી રહયું છે.

પત્રના સંસ્થાપક, તંત્રી અમારા વડીલ સ્વ. ફુલશંકરભાઈ પટ્ટણીએ આ પત્રને કોઈને નહીં વેચવા કહયું હતું તેમની ઈચ્છાને માન આપીને આ અખબારનું સંચાલન શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ કે જે પ્રકૃતિમય બનીને સેવાકીય કાર્ય કરી રહયુ છે તેના હાથમાં છે તેનો અમને આનંદ છે. પત્રના સંસ્થાપકના જીવન અને સિધ્ધાંતોને અનુરૂપ જ આ ટ્રસ્ટ કાર્યરત છે તેથી અમારા વડીલશ્રીની ઈચ્છાને માન આપ્યાનો અમોને સંતોષ અને ગર્વ થઈ રહયો છે.

આ પત્ર સાથે કચ્છનો રાજકીય અને સામાજિક ઈતિહાસ સંકળાયેલો છે. અમારા વડીલશ્રીએ ભેખ ધારણ કરીને અખબારની જયોત જલતી રાખી હતી. તેમની સ્મૃતિ વંદના કરીએ છીએ. પત્રના ઈતિહાસનું આલેખન અલગ લેખથી કરવાના છીએ તેથી તેને દોહરાવતા નથી.

પત્રના સંચાલનમાં સહભાગી બની આ પત્ર માટે સંજીવની બનનાર શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના સ્વ. મહેશભાઈ સોલંકી, મનોજભાઈ સોલંકી તેમજ સેવાના ભેખધારી એવા સ્વ. પુરૂષોતમભાઈ સોલંકી તથા સમસ્ત પરિવારજનોનો અમે ઋણ સ્વીકાર કરીએ છીએ. તેઓના માર્ગદર્શનથી આ પત્ર સાચી દિશા તરફ આગળ ધપતું રહેશે તેવો અમને વિશ્વાસ છે. આ જ અભ્યર્થના સાથે આપણે સૌ નવમા દાયકામાં પ્રયાણ કરીએ.. આ તકે પત્રના નિભાવ અને તેમા સહયોગ આપનારા ગ્રાહકો, મિત્રો, વિજ્ઞાપનદાતાઓ પરત્વે આભારની લાગણી વ્યકત કરીએ છીએ. અમારા નવા વાચક બનેલા ખેડૂતો, ગૌપાલકોનો પણ અમો ખાસ આભાર માનીએ છીએ. અને તેઓએ કરેલા નીતાનવા પ્રયોગોનો લાભ મળતો રહે તેવી આશા રાખીએ છીએ.

અમારી છેલ્લા આઠ વર્ષની યાત્રામાં ખેડૂતો, ગૌપાલકો, સંસ્કૃતિને સતત બચાવનારા મિત્રો વગેરે વર્ગ ખૂબ મોટી સંખ્યામાં જોડાયો છે અને હવે આ પત્ર શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટની વેબસાઈટ પર પણ મુકાશે જે વાતનો અમને આનંદ છે.

— તેજસ ચંદ્રવદન પટ્ટણી






કુકમા ખાતે જીવ કલ્યાણ સમિતિ દ્વારા શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના મુખ્ય યજમાન પદે સાત દિવસીય પર્યાવરણશુદ્ધિ એવં વર્ષા મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મનોજભાઈ સોલંકીના ગુજરાતી તિથિ મુજબ જન્મ દિન પ્રસંગે મહાયજ્ઞનો આરંભ થયો હતો. જેમાં શુધ્ધ દેશી ઘી તેમજ હવન સામગ્રી સાથે રોજ સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી નિયમિત પર્જન્ય યજ્ઞ થતો હતો. યજ્ઞના બીજા જ દિવસે વાતાવરણ પલટાયું હતું અને વરસાદી ઝાપટાં વરસી પડયાં હતાં. યજ્ઞના મુખ્ય બ્રહમાપદે ડો. કમલનારાયણ આર્ય (છ.ગ) રહયા હતા. મુખ્ય યજમાન પદે સ્વામી શાંતાનંદ હતા. આ આખો પ્રસંગ ખુબ ભાવપુર્વક ઉજવાયો હતો. આર્ય સમાજના લોકો ખૂબ ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું હતું.

આ યજ્ઞ દરમિયાન કચ્છ યુનિ.ના વૈજ્ઞાનિકો દ્વારા હવાના નમૂના મા પણ લેવાયા હતા અને તેનું વૈજ્ઞાનિક રીતે પણ પૃથ્થકરણ કરાયું હતું. જે આગામી દિવસોમાં તેના પરિણામો લોકો સમક્ષ મુકાશે.

# પાણી રિચાર્જીંગના કામને પ્રાધાન્ય આપવું જરૂરી

આજની એક મુખ્ય ચિંતા તાજાં પાણીની તંગીની છે. આ સમસ્યા ઉકેલવાનો એક ઉપાય વરસાદનું પાણી એકત્ર કરી એનો સંગ્રહ કરવાનો છે. ભારતમાં નગર આયોજકો તેમજ મુલ્કી સતાવાળાઓ તમામ નવી ઈમારતો– બાંધકામોમાં વરસાદનાં પાણી એકઠા કરવાનું ફરજીયાત બનાવવા કાયદા દાખલ કરી રહ્યા છે. હવે પછી જો કોઈ નવા મકાનમાં વરસાદનું પાણી એકત્ર કરી એનો સંગ્રહ કરવાની જોગવાઈ ન હોય તો પાણી કે ગટરનું જોડાણ આપવામાં નહીં આવે. કેન્દ્રીય ભુગર્ભ જળ બોર્ડે પણ દિલ્હી અને અન્ય સ્થળોએ ભુગર્ભમાં વધુ પાણી ભરાય એ માટે રીચાજીગને ઉતેજન આપવામાં પગલાં ભરી રહ્યું છે. શહેરી વિસ્તારો માં હાલમાં મકાનોનાં છાપરાં ઉપર જે વરસાદ પડે છે એ પાણી એકત્ર નથી થતું પણ એ વેડફાઈ જાય છે. આ પાણી એકઠું કરી ભુગર્ભમાં ઠાલવી રીચાજીગ થઈ શકે છે અને આ પાણીનો જરૂરિયાતના સમયે ઉપયોગ થઈ શકે છે. શહેરી વિસ્તારોમાં વરસાદી પાણી એકત્ર કરી એનો ભુગર્ભમાં સંગ્રહ કરવા માટેની સીસ્ટમ એવી રીતે ઉભી કરવાની જરૂર છે કે જેથી વરસાદી પાણી એકત્ર કરવાની તેમજ એના દ્વારા ભુગર્ભમાં એનો રીચાજીગ માટે ઉપયોગ કરવાની વ્યવસ્થામાં વિશાળ જગ્યા ન રોકાય.

સામાન્ય શબ્દોમાં કહીએ કે સામાન્ય દ્રષ્ટિએ જો જોઈએ તો પાણી એકઠું કરવાની પ્રવૃતિ એટલે વરસાદનું પાણી સીધું એકઠું કરવાની પ્રવૃતિ વરસાદનું પાણી એકઠું કરવામાં આવે એનો સીધા વપરાશ માટે સંગ્રહ થઈ શકે છે કે પછી ભુગર્ભજળનું એના દ્વારા રીચાજીગ કરી ભુગર્ભમાં પુનઃ પાણી ભરી શકાય છે કે પછી પાણીના નળ ઉંચા લાવી શકાય છે. જળવિષયક સાયકલમાં આપણે પાણીને જે સૌ પ્રથમ સ્વરૂપમાં ઓળખીએ છીએ એ સ્વરૂપ છે વરસાદ અને એથી જ વરસાદ આપણા માટે જળનું પ્રાથમિક સાધન છે. નદીઓ, સરોવરો, અને ભુગર્ભજળ પાણીનાં ગૌણ સાધનો ઉપર આપણે આધાર રાખીએ છીએ. આપણે એ ભુલી ગયા છીએ કે આ તમામ ગૌણ જળ સાધનોને પાણી પુરૂં પાડનાર તો વરસાદ જ છે.

આપણે આ માટે છાપરાં ઉપરથી મોટા પ્રમાણમાં નીચે વહી જતાં વરસાદી પાણીને એકઠું કરી શકીએ. ચોમાસા દરમ્યાન આવતાં પુરનાં પાણીને સ્થાનિક પ્રવાહમાંથી એકઠું કરી શકીએ કે પછી વોટરશેડના વ્યવસ્થાપન દ્વારા સંગ્રહ કરી શકીએ.

# પ્રાકૃતિક કૃષિએ અર્થશાસ્ત્રનો નહીં, પંચમહાભુતના દર્શન શાસ્ત્રનો વિષય છે

**સોશિયલ મિડિયાના ઝરૂખેથી...**

પ્રાકૃતિક કૃષિ મા કોઈ જીવને મારવા નું થતું નથી પરંતુ તેના માટે ખેતર ઉપર એક એવું વાતાવરણ ઉભું કરવું કે તમામ પ્રકારના નાના મોટા જીવ આસાનીથી ખેતરમાં રહી શકે કુદરત ની રચના ને ખુબ ધ્યાનથી સમજવી જરૂરી છે નુકસાન કારક જીવ ને મારવા માટે અન્ય જીવ ની રચના કુદરતમા વ્યવસ્થા છે જ એક જીવ બીજા જીવ ખાઈને પોતાનું જીવન ચક્ર પુરુ કરે છે આવી કુદરતી વ્યવસ્થા કેમ કરી શકાય તે દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ

શરૂઆતના વર્ષો મા રોગ જીવાત નો પ્રશ્ન રહેવાનો તો એનાં માટે એક જ ઉપાય છે કે જમીન ને મજબૂત કરવી તમામ રોગનું કારણ જમીન છે લગભગ રોગ જમીનની ફળદ્રુપતા ઘટવા ના કારણે આવે છે તે માટે સૌથી પહેલા જમીનનો ઓર્ગેનિક કાર્બન વધારવા માટે કામ થવું જોઈએ પ્રાકૃતિક કૃષિ મા શરૂઆત ના વર્ષો મા જમીનને મજબુત કરવા માટે કામ થવું જોઈએ (મા બિમાર તો બાળક બિમાર) પ્રાકૃતિક કૃષિએ અર્થશાસ્ત્રનો વિષય નથી, દર્શનશાસ્ત્રનો વિષય છે પ્રકૃતિના પંચમહાભુતને સમજવાનો વિષય છે અને ધીરજ રાખીને રસ્તા બનાવી સમસ્યાને સમજી બની શકે એટલું પ્રકૃતિને ઓછું નુકસાન થાય તેવા રસ્તાઓ શોધી આગળ વધવું અમુક સમય પછી એક એવી કુદરતી વ્યવસ્થા ઉભી થશે કે ખેડુત ની તમામ સમસ્યાઓ નો નિકાલ ખુદ કુદરત કરશે પણ એક વાત ચોક્કસ કહું કે જે સમસ્યાઓનું નિરાકરણ કુદરત કરે છે તેનું ખેડુતો એ ખુબ જ ધ્યાનથી અભ્યાસ કરવો ખુબ જ જરૂરી છે. વધુ વાત ફરી સમય મળે કરશું

**વિનુભાઈ વરમોરા**
**શ્રી ગોવર્ધન પ્રાકૃતિક ફાર્મ**
**ગામ હરિપર, તા. ધ્રાંગધ્રા,**
**જી. સુરેન્દ્રનગર, ગુજરાત**

**નોંધ : આ કોલમમાં વ્હોટસએપ પર આવતા વિષયને સમાવાશે. જેમાં લેખકનું નામ અને ગામ બતાવવામાં આવશે. મોબાઈલ નંબર લેખકની પરવાનગી બાદ જ આપી શકાશે**

## જાણો પવિત્ર પીપળાની પૂજાનું મહાત્મય

વિવિધ વૃક્ષોની પૂજા કરવી એ આપણી પરંપરા છે. તેમાં પણ કેટલાક વૃક્ષોની પૂજાનું આપણા ધર્મમાં ખાસ્સું મહત્વ છે. આધ્યાત્મિક રીતે પીપળાને સૌથી વધુ પવિત્ર ગણાવ્યો છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે 'અશ્વત્થ સર્વવૃક્ષાણામ' મતલબ સમગ્ર વૃક્ષોમાં હું પીપળો છું. કહીને તેનો મહિમા આંકી દીધો છે. પુરાણો મુજબ પીપળાના મુળમાં વિષ્ણુ, થડમાં કેશવ, ડાળીઓમાં નારાયણ, પાંદડાંમાં ભગવાન હરિ, અને ફળમાં સમસ્ત દેવતાઓનો વાસ છે. ધર્મશાસ્ત્રો મુજબ પીપળાની પૂજા કરવાથી આયુષ્ય વધે છે. અને તેને પાણી પીવડાવાથી તમામ પાપોમાંથી મુકિત અને સ્વર્ગ મળે છે. પુરાણોમાં પીપળાના ઝાડમાં પિતૃઓનો વાસ હોવાનો પણ ઉલ્લેખ જોવા મળે છે. આર્યુવેદ મુજબ પીપળાના પાંદડાં, ફળ, છાલ વગેરે અનેક બિમારીઓમાં અકસીર ઈલાજ છે.

## તા. ૧૨–૧૩– ૧૪ ઓક્ટોબરના યોજાશે સજીવ ખેતી તાલીમ

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિતન સાધના સ્થળ ખાતે તા. ૧૨–૧૩–૧૪ ઓક્ટોબરના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયોનું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૮૮૧૦ નો સંપર્ક કરવો.

## ઈજન

*સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....*

**– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેકસ, છઠીબારી, ભુજ (કચ્છ)**
**શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ**
**ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)**
**મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,**
**નોંધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–**


## સત્વમ
નેચરલ અને ઓર્ગેનિક

- o પંચગવ્ય ઉત્પાદન
- o અનાજ
- o સિંધવ નમક
- o માટીના વાસણ
- o કાચી ઘાણીનું તેલ
- o બુરો (સાકર)
- o દેશી ગોળ
- o કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
- o ગૌમૂત્ર અર્ક
- o ઔષધિઓ
- o મસાલા
- o ઘર વપરાશની વસ્તુઓ

**ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, ઓધવબાગ રોડ, માધાપર (ભુજ)**
**સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭**



**સજીવ ખેતી ઉત્પાદન, ગૌ ઉત્પાદન તેમજ ગ્રામોત્થાનને લગતી પ્રવૃતિ ધરાવનારાને પ્રચાર પ્રસાર માટે ઉત્તમ તક**

| | | |
|---|---|---|
| o એક વાર પ્રસિધ્ધિઃ | રૂા. ૨૫૦/– | (૧ અંક) |
| o એક વર્ષ સુધી પ્રસિધ્ધિ : | રૂા. ૫૦૦૦/– | (૨૪ અંક) |
| o બે વર્ષ સુધી પ્રસિધ્ધિઃ | રૂા. ૧૦,૦૦૦/– | (૪૮ અંક) |

**"જયકચ્છ"માં જાહેરાત આપવા માટે સંપર્ક કરો : મો. ૯૯૨૫૧ ૭૪૬૯૯**



## વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા
**(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય**

**આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા**

**સોમવાર થી બુધવાર સવારે ૧૦ થી સાંજે ૭ સુધી**
**સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪**

**ક.વિ.ઓ. જૈન મહાજન સંકુલ, હોસ્પિટલ રોડની પાછળ, ભુજ(કચ્છ)**


**"જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત**

ખાતાનું નામ : જયકચ્છ
**JAYKUTCH**
બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા
શાખા : ભુજ(કચ્છ)
ખાતા નંબર :
**3183285279**
આઈએફએસસી :
**CBIN0280589**
રકમ જમા કરાવ્યા બાદ મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી
(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)
(એક વર્ષથી વધુ સમય માટે પણ લવાજમ ભરી શકો છો)

**ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'**

આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે.

## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૮૭૯૧ ૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશુલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશુલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

### દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.

# ચાલો કાર્બનથી સમૃધ્ધિ વધારીએ...

કૂદરત હંમેશા પરિસ્થિતિઓને બેલેન્સ કરવાના પ્રયત્નો કરે છે. આપણાને તેને કારણે મળતા પરિણામો, આપણે કરેલા કામોને અનુરૂપ હોય છે. અહીં વાત છે અંગારવાયુળકાર્બન ડાયોક્સાઈડની. સાહેબ નામ જ બતાવે છે, જો સાચવતા નાં આવડ્યું, તો અંગાર લગાડે...

આપણે જે કાર્બન ડાયોક્સાઈડ પેદા કરીએ છે અને તેને વાતાવરણમાં ઉમેરીએ છે, તે જો નિર્ધારિત માત્રાથી વધે એટલે કુદરત કામે લાગી જાય છે. વધારાનો જે કાર્બન ડાયોક્સાઈડ છે તેને દરિયો પોતાનામાં સમાવે છે. દરિયાનું પાણી અને CO2 (અંગારવાયુળકાર્બન ડાયોક્સાઈડ) કાર્બોનિક એસિડ બનાવે. આ કાર્બોનિક એસિડ, દરિયામાં ફાયતોપ્લાંકટોન (Phytoplankton) ને મારી નાખે છે. ફાયતોપ્લાંકટોન એ નાજુક જીવ છે જેના પર માછલીઓ અને લોબસ્ટર જેવા દરિયાઈ જીવો નભતા હોય છે. બીજુ તે બહુ અગત્યનું કામ કરે છે. તેઓ, આપણે જે ઑક્સિજન વાપરીએ છે તેનો ૫૦ % જેટલો હિસ્સો બનાવે છે...

આને એવી રીતે સમજીએ કે આપણે કોઈ પણ પ્રકારે કાર્બન ડાયોક્સાઈડ પેદા કરીએ, અને તેનું પ્રમાણ વધે એટલે કુદરત તેને દરિયાનાં પાણીમાં ભેળવે. કાર્બન ડાયોક્સાઈડ, દરિયાનાં પાણીમાં ભળી કાર્બોનિક એસિડ બનાવે. આ કાર્બોનિક એસિડ દરિયાનાં પાણીને એસિડિક બનાવે. તેને કારણે નાજુક અને સુક્ષ્મ જીવ ફાયતોપ્લાંકટોનનો નાશ થાય. એટલે બીજી દરિયાઈ જીવ સૃષ્ટિ પર તેની અસર થાય અને બોનસમાં વાતાવરણમાં માનવજાત માટે ઑક્સિજનનું પ્રમાણ ઓછું થાય. આ કૂદરતી પ્રક્રિયાને આપણે આવી રીતે તો જાણતા જ નથી. સાહેબ, આટલા મોટો વિશ્વમાં, આપણી દુનિયા તો બહુ નાની છે. એટલે આ બધી બાબતોની ખબર ન હોય એ શક્ય છે પણ હવે જો ખબર પડી, તો આપણે ખેડૂતો આ દિશામાં શું કરી શકીએ? આમ જોવા જઈએ તો રામજીએ દુનિયાનાં પાલનહારની ફરજ આપણને એટલે કે ખેડૂતોને આપેલી છે...

આપણા અને આપણા કુટુંબીજનો પર કાર્બન ડાયોક્સાઈડની વિનાશકારી અસરોના થાય તે માટે શું કરી શકીએ? મજાની વાત એ છે કે જો કાર્બન ડાયોક્સાઈડને આપણે કાબુમાં રાખી એ તો ખેતીમાં પણ ફાયદો થાય, વાતવરણને પણ સાચવી લેવાય અને વધુ સાત્વિક અનાજ ઉત્પન કરી શકીએ...

ખેડૂત તરીકે એક વાત ગાંઠે બાંધી લેવા જેવી છે. જમીનમા જેટલો વધુ સ્થાયી (હ્યુમસ) અને અસ્થાયી કાર્બન એટલી નફાકારક ખેતી. પ્રકાશસંશ્લેષણ સ્થાયી (હ્યુમસ) અને અસ્થાયી કાર્બન વધારવામાં બહુ મોટી મદદ કરે છે, બિલકુલ ફ્રી માં. માટે ખેતરની ઈંચે ઈંચ જમીન લીલોતરીથી ઢાંકી રાખવી. જ્યાં જમીનમા કાર્બન છે ત્યાં પાણી છે. હ્યુમસને પાણી સાથે અદભુત પ્રેમ છે. તેના વજન થી ચાર ઘણું પાણી તે સંગ્રહી શકે છે. જમીન વિવિધ પ્રકારના જીવોથી સમૃધ્ધ હશે...

જમીનમા કાર્બન વધારવા માટે શું કરવુ ? (૧) ઓછામાં ઓછી ખેડ કરવી. (૨) ઉનાળામાં ઉંડી ખેડ કરી જમીનમાનાં કાર્બનને હવામાં ઉડાડી નહી મૂકવો પણ લીલો પડવાસ કરી જમીનને લીલીછમ રાખવી. (૩) જમીનને સદા ઢાંકેલી રાખવી. રાસાયણીક ખાતરોનો ઉપયોગ ઓછો કરવાનો અને જો કરતા હોય તો તેને તેનાથી ત્રણ કે ચાર ઘણા કમ્પોસ્ટ સાથે કરવો. (૪) સારી મિત્ર ફુગ ફંગસ જમીનમા કાર્બન વધારવા માટે બહુ મદદ કરે છે. માટે ફંગીસાઈડનો ઉપયોગ ટાળવો. (૫) લીલું કે સૂકું આચ્છાદન કરવુ. (૬) પાકના અવશેષો ને બાળવા નહી પણ તેનો યોગ્ય ઉપયોગ કરવો. ઝીરો વેસ્ટ ખેતર બનાવીશું તો સાચા અર્થમાં ઝીરો બજેટ ખેતી થશે...

થોડું સામાન્ય બુદ્ધિથી કાર્બનનાં અસામાન્ય વિજ્ઞાનને સમજીએ...

(૧) જ્યારે ભારતની જામીનનોમાં કાર્બન ૫ % થી વધુ હતો ત્યારે આપણો જીડીપી ૩૫ % વધુ હતો અને ખેડૂત સમૃધ્ધ હતો...

(૨) જ્યારે જમીનમા કાર્બન વધુ હોય તો બહારથી નાઈટ્રોજન આપવાની નહીં પડે. કેવી રીતે તે સમજીએ.

વધુ કાર્બન એટલે જમીનમા વધુ બેક્ટેરિયા, ફંગસ અને વધું અળસિયાં.

વધુ બેકટેરિયા એટલે વધુ નાઈટ્રોજન ફિક્સિંગ બેકટેરિયા. તો કુદરતી રીતે જમીનમા વધુ નાઈટ્રોજનનું ઉત્પાદન. એવીજ રીતે ફોસ્ફરસ, પોટાશ, કેલ્સિયમ અને બીજાં જરૂરી તત્વોનું સ્થળ પર જ ઉત્પાદન.

જે મને પુછે છે તેમને હું એવું કહુ છું કે જીવામૃત બનાવતી વખતે ગૌ મૂત્ર બિલકુલ ન વાપરો અને જુઓ, પંપ ઓછા કે બીલકુલ વાપરવા નહી પડે. જેને નાઈટ્રોજનનો કન્ટ્રોલ કરતાં આવડે તેનો પાક તંદુરસ્ત જ હોય. ખેતરમાં નાના ભાગમાં પ્રયોગ કરી જોજો. જે ભાઈઓ ગોબર ગેસ ની સ્લરીનો વિવેક પૂર્ણ ઉપયોગ કરતા હસે, તેમનો પણ આવો જ અનુભવ હશે.

જે ખેડૂતો જીવામૃત, વેસ્ટ ડીકંપોઝર કે અન્ય એવા જ ઉત્પાદનો વાપરતા હશે તેમનો એક સામાન્ય અનુભવ હશે કે તેમનાં ખેતરોમાં વર્ષો બાદ અળસિયાં દેખાયા હોય. અળસિયાંની કામગીરીથી જમીનો પોચી અને હવાદાર બને છે એટલે મુળોનો ભરાવદાર વિકાસ થાય છે. જો જમીનમા આટલી બધી કૂદરતી વ્યવસ્થા તંત્ર ધબકતું હોય તો રોગોનો તો સવાલ જ નથી પેદા થતો. આવી જમીનમાંથી જે ઉત્પાદનો આવે તે આપણાને સદા તંદુરસ્ત રાખે.

ઓછાં પાણીએ વધું ખેતી થાય. તમે શોધવા બેસો તો બીજા અનેક લાભ જોવા મળશે. મેં તો તમને થોડાં બતાવ્યા. લિસ્ટ બહું મોટું છે.

ઝીરો કેન્સર અભિયાન એટલે જમીનોને કાર્બનથી ભરપુર કરવાનુ અભિયાન છે. જમીનમાં કાર્બન વધારી સમૃધ્ધિ વધારવાનું અભિયાન છે. આ અભિયાનમાં જોડાવ અને આવનારી આપણી પેઢીઓને ઝેર મુક્ત જમીનો અને પોષક તત્ત્વો થી ભરપુર ખેત ઉત્પાદનો મળે તેવી ધરતીનું નિર્માણ કરો...

– દેવેન્દ્ર પટેલ, વડોદરા

# રહસ્યોથી ભરેલી આપણી ધરતી માતા

વસુંધરા બ્રહ્માંડની સૌથી અનોખી કૃતિ છે. એનો ગુણ ગંધ છે. એટલે તેને ગંધવતી કહેવામાં આવે છે. એના અનેક અયામ છે. મનુષ્યની એ કર્મભુમિ છે. તો મનુષ્યેતર જીવો માટે ભોગ ભુમિ છે. આધ્યાત્મિક મહાપુરૂષો માટે આ લીલાભુમિ છે. તો વૈજ્ઞાનિકો માટે શોધખોળની સૌથી મોટી પ્રયોગશાળા છે. સૌ પોતે પોતાના લક્ષ્ય અને ઉદેશ્ય થઈને અહીં આવે છે. અને પોતાની આવશ્યકતા મુજબ કાર્ય અને શોધ કરે છે. પરંતુ વૈજ્ઞાનિકો એની અનોખી સરચનાથી હતપ્રભ છે. તેઓ જેટલું શોધે છે તેમ તેમ તેનું રહસ્ય વધુને વધુ ઉંડું ઉતરતું જાય છે. તેમ છતાં પૃથ્વીની જેટલી પણ શોધ થઈ છે તેને આશ્ચર્ય જનક જણાવી શકાય. વૈજ્ઞાનિકો સ્વીકારે છે કે ધરતી પોતાના ગર્ભમાં ગુઢ રહસ્યો અને રસાયણિક તત્વોના ખજાનાનો પોટારો સમાવી રાખ્યો છે. તેણે પોતાની અંદર શીતલ જળના મોટા ભંડારો ભરી રાખ્યા છે. તો બીજી બાજુ એકદમ ધગ ધગતા જવાળામુખી અને લાવારસ છે. તો કયાંક ભુગર્ભમાં કોલશાની ખાણો છે. સાથે સાથે સોનું, ચાંદી, ઝવેરાત જેવી અગણિત ધાતુઓની ખાણો પણ છે. આથી તેને રત્ન ગર્ભા કહેવામાં આવે છે. ધરતી સૌની માતા છે. તે પોતાના ઉદરમાંથી પોષક તત્વો, વનસ્પતિ, પશુ પક્ષિઓ મનુષ્યો વગેરે તમામ પ્રાણીમાત્રનું ભરણપોષણ કરનારી છે. હરિયાળીની ચાદર ઓઢીને ખુબજ મનોરમ્ય શાંત અને શિવલ છે. તેમજ ભુકંપ, જવાળામુખી જેવી આફતો સર્જીને પોતાના રૌકા સ્વરૂપને પણ પ્રકટ કરે છે. આવા અનેક રૂપોમાં જોવા મળે છે.

વૈજ્ઞાનિકો અને ભુગર્ભવેતા સૌ ધરતી ના આ રહસ્યોને જાણવા સમજાવવા માટે ભુકંપાય તરંગોનું અન્વેષણ કર્યું છે. આ પ્રયોગો અને શોધ દ્વારાજ સંભવત છે કે કારણ કે એનું અનુમાન થઈ ન શકે. ન્યુટને પૃથ્વીના ગુરુત્વાકર્ષણના નિયમોની શોધ કરી હતી નિર્માણ નહીં પ્રાકૃતિક ચીજોની રચના સંભવત પણ નથી એ વૈજ્ઞાનિકો માટે સૌથી મોટી શોધનો વિષય છે. ભુગર્ભવિધોએ ભુકંપીય તરંગોના માધ્યમ થી પૃથ્વીના જુદા જુદા રહસ્તો તાપમાન, દાનત્વ, દબાણ ખનિજ સંગઠન એના પળની મોટાઈ વગેરે સંબંધોની જરૂરી જાણકારી પ્રાપ્ત કરી છે.

તાપમાન એ પૃથ્વીની સૌથી મોટી વિશેષતા છે. આપણે ધગધગતા આગના ગોળા ઉપર નિવાસ કરીએ છીએ. પરંતુ નવાઈની વાત એ છે કે આવી તાપમાનની આવી વ્યવસ્થા કરી છે કે જેમાં બધા જીવો અને પ્રાણીઓ પોતાને અનુકુળ જીવન નિર્માણ કરી શકે અહીં તાપ કયારેક જવાળામુખીના રૂપે ફાટે છે. તો કયારેક નિર્મળ શીતલ ઝરણાના રૂપમાં ઝરે છે. ધરતીની ઉપર અને ભુગર્ભમાં થોડે નીચે પ્રાણી છે વિવિધ ખનિજો છે. હવા પણ છે. પરંતુ લુ પાતાળમાં જેમ જેમ ઉંડા જઈએ તેમ તેમ તાપમાનમાં વધારો થતો જણાયો છે.

## આપ શું પી રહ્યા છો ? ખબર છે ?

***કોકાકોલા અને પેપ્સી સહીત દશ વિદેશી ઠંડાપીણાંઓમાં પેસ્ટીસાઈડસ અને ઈન્સેકટીસાઈડસ (જંતુનાશકો) નું અતિ ઉંચુ પ્રમાણ જોવા મળતાં આ પીણાઓથી લાખો બાળકો અને યુવાનોના જીવ જોખમમાં મુકાયા છે. આ ઝેરી પીણાંઓથી કેન્સર તેમજ પ્રજનનતંત્ર અને શરીરની લગભગ તમામ બિમારીઓ થઈ શકે છે. દીલ્હીની જાણીતી પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક સંસ્થા સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્યમેન્ટ દ્વારા આ પરીક્ષણો કરાયાં છે. આ પીણાંઓને સાયલન્ટ કીલર ગણવામાં આવે છે.***

***આની ગંભીરતા સમજીને ભારતની સંસદે આ પીણાંઓ પર પ્રતિબંધ મુકી દીધો છે. સંસદભવનમાં આ પીણાંઓ પર પ્રતિબંધ છે તો શું સાંસદો જ માણસો છે ? સામાન્ય જનતા કાંઈ જ નથી ? શું સામાન્ય ભારતીય લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરવાનું આ ષડયંત્રતો નથી ને ? ભારતીયોનાં આરોગ્ય અને નાણાં સાથે ચેડાં કરવાનું મહેરબાની કરી બંધ કરો. (સરકારના આધારે ન રહો તેઓ માત્ર 'કલીનચીટ' જ આપી શકશે વધારે કશું નહીં) દેશની ચિંતા ઉપરાંત તમારાં શરીરની પણ ચિંતા કરો. બંધ કરો આ ઝેર પીવાનું, બંધ કરો આ ઝેરી પીણાં વેંચવાનું, બંધ કરો આપણી ભાવિ પેઢીને મારવાનું. અમારી આપ સૌને દર્દભરી અપીલ છે. હવે જાગો નહીંતો સર્વનાશ થઈ જશે... આ કંપનીઓથી ભરમાશો નહીં. સાચું શું છે તે ચકાસી તેની સાથે ચાલતાં શીખો.***

# પરિવહનનું પરાવલંબન દુર કરીએ

અગાઉના સમયમાં પરિવહન માટે બળદ ગાડાંઓ જ આર્શિવાદરુપ હતાં. જેમ જેમ સાધન સુવિધાઓ વધી તેમ તેમ આ ગાડાંઓ હાંસિયામાં ધકેલાઈ ગયાં. પણ સાધન સુવિધાઓ આરામની સાથે ઉપાધિ અને તકલીફો પણ લાવે. બસ એ જ રીતે આ સાધનો પણ મુશ્કેલીઓના પટારા બનતાં ગયાં. અકસ્માતો વધ્યા અને સૌથી વધુ તો પ્રદુષણની માત્રા ભયજનક રીતે વધતી ગઈ. લોકો હવે આ સુવિધાનો વિકલ્પ શોધી રહયા છે. જુના સમયના ગાડાંઓ ડિઝાઈન અને પહેલી નજરે ન ગમે તેવાં હતાં ત્યારે હવે અમારા શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટે ચાર પ્રકારના બળદ ગાડાંના આધુનિક મોડેલો બહાર પાડયાં છે. બેરીંગ સાથેના અને આરામદાયક વાહનમાં સફર કરવી સહેલી થઈ પડશે. હાલમાં ગાય– આખલા બળ દો રખડવાના બનાવો વધ્યા છે ત્યારે બેલચાલિત આધુનિક ગાડીઓ જો ચલણમાં આવશે તો રખડતા ઢોરની સમસ્યા દુર થશે અને આખલા અને બળદો ફરી સન્માનનું સ્થાન મેળવશે. શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટે બનાવેલાં વાહનો જોવા હોય તો કુકમા સ્થિત ફાર્મની અચૂક મુલાકાત લેશો. વધુ વિગત માટે સંપર્ક મોબાઈલ ૯૪૨૬૫ ૮૨૮૧૦કરી શકશો.

## અમે જાણવા માગીએ છીએ આપના પ્રતિભાવ

o અમારૂં સામયિક આપને નિયમિત રીતે મળે છે ? હા/ના

o સામયિક અન્ય લોકોને વાંચન માટે આપો છો ? હા/ના

o શું આપ તમામ લેખો/વિગતો ઉંડાણપૂર્વક વાંચો છો ? હા/ના આપને પસંદ છે ? હા/ના

o લેખ કે અન્ય માહિતી વિશે કોઈ સુચન કરવા માગો છો ? હા/ના
(અલગ કાગળમાં પણ લખી શકો છો)

____________________________________________

____________________________________________

o પત્રમાં શું ફેરફાર કરવા જોઈએ એ વિશે શું કહેશો ? (અલગ કાગળમાં પણ લખી શકો છો)

____________________________________________

____________________________________________

o તમારા પાસે ખેતી, ગૌપાલન, પર્યાવરણ, ગ્રામોત્થાન ના વિષયોમાં વિશિષ્ટ અનુભવ કે પ્રયોગની માહિતી છે ? હા/ના (અલગ કાગળમાં પણ લખી શકો છો)

____________________________________________

____________________________________________

o (કોઈપણ સામયિકનો ઉપયોગ કેટલો થાય છે તેનો આધાર વાચકોના પ્રતિભાવ પર છે. ત્યારે આપ આપનું મંતવ્ય જરૂર આપશો તેવી વિનંતી)

o (જો આપ કોઈ કારણોસર અમારા સામયિકનું વાંચન કરી શકતા ન હો તો તે બંધ કરવાની જાણ અમને કરશો તેવી વિનંતી છે.) કાગળની બનાવટમાં વૃક્ષોનો ઉપયોગ થાય છે ત્યારે પ્રકૃતિની આ મહામુલી સંપતિનોદુર્વ્યય અટકે તે માટે એક એક પ્રતનું મહત્વ છે જેથી સહકાર આપવા વિનંતી

**પ્રતિભાવ ઈ–મેઈલ, વ્હોટસએપ અથવા ટપાલ મારફતે મુકી શકો છો.....**

**સરનામું : જયકચ્છ કાર્યાલય, ૯, હાટકેશ ચેમ્બર્સ, બીજા માળે, છઠીબારી, ભુજ.**

**ઈ–મેઈલ : jaykutch1@gmail.com**

**વ્હોટસએપ નંબર : ૯૯૨૫૧ ૭૪૬૯૯**

# ખેતી માટે પ્રકૃતિમાં સ્વયં વ્યવસ્થા

પ્રકૃતિએ જગતનું પુર્ણ સ્વરૂપ છે. જગતમાં જન્મ લેનાર દરેક જીવનું જીવન બની રહે તેની પૂર્ણ વ્યવસ્થા પ્રકૃતિમાં છે. જેના અનેક ઉદાહરણો આપણી સામે છે. જન્મથી પહેલાં ધાવણ (દૂધ)ની વ્યવસ્થા, દરેક પ્રકારના જીવો કીડીને કણ–હાથીને મણની વ્યવસ્થા છે. અને એ પણ સમૃધ્ધિ સાથે એટલે કે જગતમાં માનવ ઉપસ્થિતિ છે તેના કરતાં વધારે જીવ જગત છે તેનાથી વધુ વનસ્પતિ જગત અને તેનાથી વધારે પદાર્થ જગત છે. આમ દરેકની જરૂરીયાત પુરી કરવા માટે પર્યાપ્ત વ્યવસ્થા પ્રકૃતિમાં છે. અભાવની સ્થિતિ વાસ્તવિક જગતમાં નથી. માત્ર માણસને ડર અને લોભના માધ્યમથી ભ્રમિત કરવામાં આવ્યો છે. જે સાચી સમૃધ્ધિનું દર્શન કરી શકતો નથી. જેથી પોતે પણ ડરમાં છે અને બીજાને ડરાવી રહયો છે. પોતે લોભમાં છે અને અન્યોને પણ લોભ લાલચ આપી રહયો છે. આ બાબતને લઈને માનવ સત્ય અને સમૃધ્ધિનું દર્શન કરી શકતો નથી. માનવ ધીરે ધીરે પ્રકૃતિથી દૂર જઈ રહયો છે. જે દરેક સમસ્યાના મૂળમાં છે. આનો ઉપાય માનવ

**પ્રાકૃતિક પધ્ધતિમાં સમજયા વિચાર્યા વગર, આયોજન વગર, ઉત્પાદન નહીં મળે. પરંતુ આપઘાત જેવી સ્થિતિતો નહીં જ થાય. ખેતી માટે આર્થિક ક્ષમતાની પણ જરૂર નથી એટલે કે ઉત્પાદકતાને એ પધ્ધતિથી નિસ્બત નથી, સમજણ –આયોજન થી નિસ્બત છે. આ વાત દરેક પધ્ધતિમાં લાગુ પડે છે. ખેતી એ આડેધડ કરવાનું કાર્ય નથી.**

પ્રકૃતિની વ્યવસ્થા સમજે અને વિકૃતિમાંથી પ્રકૃતિ તરફ આવે એટલે કે અભાવની સ્થિતિમાંથી પ્રકૃતિની સમૃધ્ધિની સ્થિતિમાં જવું, ભૌતિક સંસાધન છોડી જંગલમાં જવું તેવો અર્થ ન કરતાં પ્રકૃતિના સિધ્ધાંતને સાથે રાખીને વિવેક સાથે આજના સંસાધનોનો ઉપયોગ કરી જીવવું..

* ખેતીની વાત લઈએ.

હાલની છેલ્લા ૫૦ વર્ષની ખેતી પધ્ધતિ જે આપણા દેશમાં ચાલુ થઈ અને જે વિસ્તારમાં લાંબો સમય થઈ છે તે વિસ્તાર પહેલો અનેસૌથી વધુ ખરાબ પણ થયો છે. અને અનેક સમસ્યાથી ઘેરાયેલો રહે છે.

દા.ત. પંજાબ.. હરિયાળી ક્રાંતિની શરૂઆત ત્યાંથી થઈ આજે તેની ખેતીની સ્થિતિ ખૂબ જ ખરાબ જોવા મળ છે. અને આ વાત હવે જગ જાહેર છે. ત્યાંના હવા, પાણી, ખોરાક દુષિત થઈ ચુકયાં છે. ખેતી આર્થિક રીતે પોષાય તેવી નથી રહી અને સ્વાસ્થ્યની રીતે પણ પંજાબમાં ઘણું નુકશાન થયું છે. જમીન પણ બંજર બની છે. રાસાયણીક ખાતર જમીનને બગાડી અને જંતુનાશકોએ હવા, પાણી અને જમીન ત્રણેયને ઝેરીલાં બનાવ્યાં અને આરોગ્યના મોટાં જોખમો ઉભાં કર્યાં. જો પ્રકૃતિની વ્યવસ્થાને સમજીએ તો રાસાયણિક ખાતર અને જંતુનાશકો વગર આસાનીથી ખેતી થઈ શકે અને આવી ખેતી દિર્ઘ સમય સુધી ટકી રહે. બલરામ ભગવાન અને શ્રીકૃષ્ણ ભગવાનના સમયથી એટલે કે ૫૦૦૦ વર્ષથી વધારે સમયથી આપણે ખેતી કરતા આવ્યા છીએ. અને તેનાથી દેશ અને લોકો પણ સમૃધ્ધ હતા. જે ઈતિહાસ પરથી જોઈ શકાય છે.

* ખેતી માટે પ્રકૃતિમાં શું વ્યવસ્થા છે ?

ખેતીની વાત આજના પરીપ્રેક્ષમાં કરવી હોય તો કૃષિ કરવા માટે ૧૬ પ્રકારના તત્વો જેમાં એનપીકે મુખ્ય છે બાકી ૧૩ તત્વો હજુ ખૂટે છે. તો બીજી બાજુ બીજ, પાણી, ખેડવા માટે ટ્રેકટર, રોગ જીવાત માટે જંતુનાશકો, મલ્ચીંગ માટે પ્લાસ્ટીક, ઘેરથી આવવા જવા માટે બાઈક અથવા જીપ જેવી અનેક બજારની સાધન સામગ્રી દ્વારા આજે ખેતી ચાલી રહી છે. પણ પ્રકૃતિમાં ખેતીની દરેક જરૂરીયાત સ્થાનિકે પ્રકૃતિના સંસાધનો એવાં પશુ, પક્ષી, બેકટેરીયા,જીવાત વૃક્ષો દ્વારા વ્યવસ્થા ગોઠવાયેલી છે. જેનું ઉદાહરણ જંગલમાં, ડુંગરમાં, ઉકરડામાં કે ખેતરના શેઢા (બાઉન્ડરી) પર કોઈપણ જાતના માનવીય સહયોગ વગર ફળ, ફુલ, શાકભાજી, અનાજના છોડવાઓ ઉછરતા દેખાય છે આ પણ એક વાસ્તવિક ઘટના છે.

અને આજે પણ તે જોવા મળે છે. કેટલાય એવા વિસ્તાર છે જયાં ખાતર, દવા પહોંચ્યા નથી ત્યાં ખેતી થાય છે. રહી વાત ઉત્પાદકતાની તો તેમાં પ્રકૃતિથી થતી ખેતી ભૌતિક રાસાયણિક પ્રક્રિયા સમજયા વિચાર્યા વગર અણઘડ રીતે આયોજન વગર થાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.